ચ-માર્ગ પરથી ગાયો વાંછરડા ભરેલી છોટા હાથી ગાડી ઝડપાઈ

ત્રણ શખ્સો ઝડપાયા : એક પાસેથી ગૌ-રક્ષા સમિતિનું આઈ-કાર્ડ મળી આવ્યું

ગાંધીનગર, તા. ૩

અમદાવાદથી ગાંધીનગર તરફ અબોલ પશુઓ ગાયો-વાંછરડાને છોટા હાથી ગાડીમાં ભરીને હેર-ફેર કરાઈ રહ્યા હોવાની બાતમીને આધારે ચ-માર્ગ પરથી ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. કાર્યવાહી કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

ચ-માર્ગ પર બે ગાય અને એક વાછરડુ ભરેલી છોટા હાથી ગાડી લઈ જવાતી હોવાની માહિતીને આધારે ચ-૦ થી ચ-૨ વચ્ચે છોટા હાથી પકડી પાડવામાં આવી હતી. તેને પોલીસ સ્ટેશન પહોંચાડી ગાડીમાં સવાર ત્રણ શખ્સોની ઝડતી કરતાં એક પાસેથી ગૌરક્ષા સમિતિનું આઈ-કાર્ડ મળી આવ્યું હતું. વિના પરમીટે પશુઓની હેરાફેરી કરતાં અમદાવાદના ત્રણેય શખ્સો નવા વાડજનો રાજુ સાગર રબારી, ડફનાળા, શાહીબાગનો દિનેશ અમરત રબારી અને ધર્મો વિરમ રબારીને સે. ૭ પોલીસે પકડી પાડીને સુનીલ ત્રિવેદીની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી ગાય-વાછરડા ક્યાં લઈ જવાઈ રહ્યા હતા તે સહીતની બાબતોની પી.એસ.આઈ. એ.કે. ભરવાડે તપાસ શરૂ કરી છે. જો કે આરોપીઓ મકાન બદલવાનું હોવાથી પોતાના જ પશુઓ ગાંધીનગર લાવી રહ્યા હોવાની કેફીયત આપી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે તે પૈકી એક શખ્સ પાસે ગૌ-રક્ષા સમિતિનું આઈ-કાર્ડ પણ મળી આવતા ચર્ચાનો વિષય બન્યો હતો. સે. ૭ પોલીસે વગર પાસ પરમીટે પશુઓને લઈ જવાના ગુના હેઠળ ત્રણેયને પકડી કાયદેસરની

(તસવીર : દિપક જાની)

ઉત્તરાયણ પર્વમાં કૂતરાઓને લાડુ ખવડાવવાનું અનેરૂ મહત્વ છે. અન્નદાન એ મહાદાન છે એવું ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ પણ છે. અન્નદાનનો આ અનેરો મહિમા હોવાથી લોકો ઉત્તરાયણમાં કૂતરાઓને લાડુ પીરસતા હોય છે. આની તૈયારીઓ અત્યારથી ચાલતી હોય છે. સે. ૨ માં આજથી જ આની તૈયારીઓ આરંભાઈ છે.

જિલ્લાના વિકાસકામો સંદર્ભે ઉચ્ચકક્ષાની સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા વિકાસના વિવિધ કામો તેમજ વિકાસની વિવિધ યોજનાઓના અમલીકરણ અંગેઆજેપ્રભારી સચિવ શ્રી સંજયપ્રસાદે એક મહત્વની બેઠક જિલ્લાના અધિકારીઓ સાથે યોજી છે.

જિલ્લાના પ્રભારી સચિવ તરીકે નિયુક્ત થયા બાદ શ્રી સંજયપ્રસાદે આજે પ્રથમવાર જિલ્લાની વિકાસ યોજનાઓના અમલીકરણ અંગેની સમીક્ષા બેઠક બોલાવી છે.

સચિવાલય ખાતે તેમની ચેમ્બરમાં આ બેઠક બપોરે ૧૨ વાગે શરૂ થનાર છે. જેમાં જિલ્લાતંત્ર દ્વારા વિકાસનુંઆખેઆખુચિત્ર રજુકરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તૈયારીઓ ચાલી રહી છે. એક ખાસ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

મળતીવિગતોપ્રમાણેજિલ્લામાં વિવિધ લક્ષ્યાંકો આધારિત યોજનાઓમાં ૬૦ ટકા સુધીની કામગીરી થવા પામી છે. છેલ્લા ત્રણ માસથી આચારસંહિતાનો અમલ હોવાથી તંત્રને તેના લક્ષ્યાંકોની સિદ્ધિમાં અડચણો ઉભી થઈ હોવાની રજુઆત આ બેઠકમાં થશે જો કે છેલ્લા એક સમાહથી આ કામગીરમાં વેગ આવ્યો છેઅનેઆગામી ત્રણ વર્ષમાં લક્ષ્યાંકોની નજીક પહોંચી જવામાં તકલીફ નહિ પડે તેવો તંત્રને વિશ્વાસ છે.

મળતી વિતો પ્રમાણે ગ્રામવિકાસની યોજનાઓ, આવાસ યોજનાઓ, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો, રિસર્વેની કામગીરી, વાયબ્રન્ટના થયેલા એમ.ઓ.યુ.ના અમલીકરણમાં થયેલ કામગીરી ઉપરાંત આરોગ્યની વિવિધ યોજનાઓ, સ્વરોજગારની ધિરાણ યોજનાઓ સહિત વિવિધ બાબતો અંગે આજે સર્વગ્રાહી સમીક્ષા કરવામાંઆવશે.

જિલ્લામાં તાજેતરમાં રૂ. ૭૦૦ કરોડના ધિરાણમાં નોંધાયેલ વિક્રમજનક ઘટાડાને લઈ આ બેઠકમાં પણ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવે તેવી શક્યતાઓ છે. વાયબ્રન્ટની વ્યસતતા વચ્ચે લક્ષ્યાંક સિદ્ધિનું આયોજન આ બેઠકમાં કરાશે તેમ જાણવા મળેલ છે. જિલ્લા આયોજન મંડળદ્વારા પણજેવિકાસના કામોચાલી રહ્યા છે તે ઉપરાંત સાંસદો અને ધારાસભ્યોએ સૂચવેલા વિકાસકામોની પ્રગતિ અંગે પણ આજની બેઠકમાં ચર્ચાઓ થશે. આ બેઠકમાં ગ્રામસભા અભિયાન અંગે પણ ચર્ચાઓ થશે તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

ચાલુ છોટા હાથીમાંથી પરિણીતા ગબડી પડતા મોતને ભેટી

મૃતકના પતિની ફરિયાદને આધારે ગુનો દાખલ : મગોડી પાસેનો બનાવ

ગાંધીનગર, તા. ૩

ચિલોડા-દહેગામ માર્ગ પરથી પસાર થઈ રહેલા છોટા હાથી ટેમ્પામાંથી મગોડી ગામ પાસે એક પરિણીતા અચાનક ગબડી પડતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેણીને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તેણીનું મોત નીપજ્યું હતું. ચિલોડા પોલીસે ફરાર ટેમ્પા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે મોડી રાત્રે ચિલોડા-દહેગામ જવાના માર્ગે જી.જે.૭.ડબલ્યુ-૮૪૬૩ છોટાહાથી ટેમ્પો પસાર થઈ રહ્યો હતો. ટેમ્પામાં સવાર પરિણીતા શાન્તાબેન ભમરસિંગ ઠંગારા અચાનક મગોડી ગામ પાસે ટેમ્પામાંથી ગબડી પડતા તેમને ઈજાઓ પહોંચી હતી. તેણીને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન ડોક્ટરના પ્રયત્નો છતાં તેણીનું મોત નિપજ્યું હતું. બનાવ સંદર્ભે મૃતકના પતિની ફરિયાદના આધારે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગટરોની ફરિયાદ નિવારવા તંત્રએ કોમ્પેકટ જેટીંગ મશીન ખરીદ્યું

નાનુ મશીન સેકટરોની ગલીઓમાં પણ સરળતાથી કામ કરી શકશે

ગાંધીનગર, તા. ૩

શહેરના સેકટરોમાં ઉદભવતી ગટરો ઉભરાવવાની ફરિયાદોનું હવે ઝડપભેર નિરાકરણ આવશે. તંત્રએ નાની ગલીઓમાં પણ ગટરલાઈનની સફાઈ થઈ શકે તે માટે નવું જેટીંગ મશીન ખરીદી લીધું છે. રૂ. ૧૮ લાખની કીંમતનું આ મશીન મુંબઈથી ખરીદવામાં આવ્યું છે.

સેકટરોમાં છાશવારે ઉદભવતી ગટરો ઉભરાવાની ફરિયાદોના લીધે નાગરિકોએ મુંઝવણભરી સ્થિતિમાં મુકાવવું પડે છે. સ્થાનિક સુવિધા કેન્દ્રોમાં નોંધાયેલી કમ્પ્લેઈન્સ સંદર્ભે પણ ત્વરિત પગલા ન લેવાતા દુર્ગંધયુકત માહોલ વચ્ચે આચરતી ગંદકીના લીધે રહીશોએ ગુંગળામણ અનુભવવી પડે છે. તંત્ર પાસે પર્યાપ્ત મશીનરી અને મેનપાવર ન હોવાથી ઘણીવાર લાંબા સમય સુધી ફરિયાદનું નિરાકરણ આવતું નથી.

જયારે હવે ગટર સફાઈની ફરિયાદ નિવારવા તંત્રએ નવું જેટીંગ મશીન ખરીદી લીધું છે. અગાઉ નવા મશીનની ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયાના આધારે એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેના અંતે રૂ. ૧૮ લાખના ખર્ચે નવા જેટીંગ મશીનની ખરીદી કરવામાં આવી છે.

કોમ્પેકટ મશીન સેકટરોની નાની ગલીઓમાં પણ સરળતાથી કામ કરી શકે તેમ હોવાથી ઉભરાતી ગટરોની ફરિયાદોનું નિરાકરણ સરળ અને ઝડપથી આવશે. હાલની સ્થિતિએ તંત્ર પાસે ચાર જેટીંગ મશીન છે. જયારે નવા મશીનનો હવાલો સે-૩ની ડ્રેનેજ ઈન્ક્વાયરીને સોંપવામા આવ્યો છે. ડ્રેનેજ ઈન્ક્વાયરીને મળતી ફરિયાદોના આધારે સફાઈની કામગીરી હાથ ધરાશે.

શહેરમાં ચાલુ વર્ષે ૨૫ હજાર રોપાઓનું વાવેતર કરાશે

વનતંત્રએ રોપાઓની વાવણી પૂર્વે ખાડા ખોદવાનું કામ શરૂ કર્યું

ગાંધીનગર, તા. ૩

શહેરમાં હરિયાળી નિખારવા વનતંત્ર દ્વારા ચાલુ વર્ષે ૨૫ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. વનતંત્રએ હાલ રોપાઓની વાવણીને અનુલક્ષી ખાડા ખોદવાનુ કામ પણ શરૂ કરી દીધું છે. આ ઉપરાંત વાઈબ્રન્ટ સમિટને લઈ ઝાડી વિસ્તારમાં સફાઈ તેમજ વૃક્ષોને કવર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

એક સમયે ગ્રીનસીટી અને ક્લીનસીટી આગવી ઓળખ ધરાવતુ ગાંધીનગર વૃક્ષછેદનના લીધે બેરનસીટી બનવા તરફ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. શહેરમાં અનેકવિધ વિકાસકામો હાથ ધરાતા વૃક્ષોની કટોતી થતા નગરની હરિયાળી મોસમ છીનવાઈ ગઈ છે. જ્યારે શહેરમાં હરિયાળી નિખારવા પ્રતિવર્ષ વનતંત્ર દ્વારા ટાર્ગેટને ધ્યાને લઈ રોપાઓનું વાવેતર કરવામાં આવે છે. ગતવર્ષે પણ નગરના સ્થાપના દિન તેમજ રથયાત્રાના દિવસે પણ સેકટરોમાં રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. યાત્રા દરમિયાન સેકટરોમાં હજારો રોપાઓ ઉછેરવાનો નવતર પ્રયોગ હાથ ધરાયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ગત વર્ષ દરમિયાન ટાર્ગેટ કરતા વધુ રોપાઓનું વાવેતર કરાયુ હતુ. જ્યારે ચાલુ વર્ષે પણ ૨૫ થી ૨૭ હજાર વૃક્ષો ઉછેરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરના ઘ અને ગ માર્ગ પર રોપાઓના વાવેતર માટે ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દેવાયું છે. આ ઉપરાંત વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ ક થી જ માર્ગ તેમજ રોડ નં. ૧ થી ૭ની આસપાસના ઝાડી વિસ્તારમાં સફાઈ અભિયાન પણ હાથ ધરાયું છે. વધુમાં વૃક્ષોને કવર કરવાની કામગીરી પણ ચાલી રહી છે.

ગાંધીનગર શહેર એટલે વિવિધ સર્કલો વચ્ચે વસેલું રાજ્યનું પાટનગર. આ નગરના પ્રવેશદ્વારથી જ શરૂ થતાં સર્કલોનું નામાભિધાન કરી અને સર્કલોને જીવંત બનાવવાની દિશામાં સરકારે એક કદમ વધુ ભર્યું છે. પહેલાં સર્કલોના વિકાસમાં ઉદ્યોગ ગૃહોની ભાગીદારી અને હવે આ નગરના આંગણે યોજાઈ રહેલા બીજા વાયબ્રન્ટ સમીટને લઈ નવારૂપ રંગ નગર સજી રહ્યું છે ત્યારે સર્કલોના રંગરોગાનની કામગીરી પણ ચાલી રહી છે. ઘ-પના સર્કલ પર રાજ્યના સ્થાપક પૂ. રવિશંકર દાદાની પ્રતિમા મૂકવામાં આવી છે તે સંર્કલના રંગરોગાનની ચાલી રહેલી કામગીરીની તસપીર. (તસવીર : દિપક જાની)

આજથી શિવમહાપુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩

દેવાધીદેવ મહાદેવજીના ગુણોનું ગાન કરતી તથા વેદ અને શાસ્ત્રોના સાર રૂપ શ્રી શિવહાપુરાણ કથાનો પ્રારંભ આજે તા. ૪થી જાન્યુઆરી ૨૦૧૩ને શુક્રવાર બપોરે ૨.૩૦ કલાકથી ઓમકારેશ્વર મહાદેવ મંદિર, સેકટર-૪, ગાંધીનગર ખાતે થશે.

શિવ મહાપુરાણ કથાના પ્રારંભ પૂર્વેઆર.આર. પટેલ, નવરાત્રી પ્રમુખ, પ્લોટ નં. ૧૭૨/૨, સેકટર-૪-એ, ગાંધીનગર ખાતેથી પોથી યાત્રા બપોરે ૨ કલાકે નિકળશે. તા.૪થી જાન્યુઆરીથી ૧૦મી જાન્યુઆરી સુધી દરરોજ બપોરે ૨.૩૦ કલાકે શિવ મહાપુરાણ કથા કથાકાર ભારતીબાપુની વ્યાસપીઠે યોજાશે. આ પ્રસંગે નગરના અગ્રણી સર્વશ્રી મહેન્દ્રસિંહ રાણા, મેયર, અશોકભાઈ પટેલ ધારાસભ્ય કન્હૈયાલાલ પંડયા આંતરરાષ્ટ્રીય કથાકાર ખાસ ઉપસ્થિત રહેશે.

દુ:ખદ અવસાન

અડાલજ ગામના હરિભાઈ કચરાભાઈ પટેલનો ૩૧મી ડિસેમ્બરના રોજ સ્વર્ગવાસ થયો હતો. સ્વર્ગસ્થનું બેસણું આજે તા.૪થી જાન્યુઆરી ૨૦૧૩ને શુક્રવારે સવાર ૮.૩૦ થી ૧૨ કલાકે મુખીવાસ, અડાલજ ખાતે રાખવામાં આવ્યું છે. સમાજના સગા સ્નેહીજનોએ તેની નોંધ લેવી.

નારોલની યુનાઈટેડ પોલીફેબમાં ભીષણ આગ

અમદાવાદ, તા. ૩

નારોલ સરખેજ હાઈવે ઉપર હાર્વી ડેનીમ સામે આવેલી યુનાઈટેડ પોલીફેબમાં આજે બપોરે એકાએક ભારે આગ લાગતાં આસપાસના ફેક્ટરી માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. અને લોકોનાં ટોળાં એકત્રિત થઈ ગયાં હતાં જો કે અમદાવાદ ફાયરબ્રિગેડના છ ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લઈ લીધી હતી.

આ આગને કારણે ફેક્ટરીમાં આવેલા મશીનો, વાયરીંગ તથા ફેક્ટરીના મકાનને અંદાજે ચાર કરોડનું નુકસાન થયાનું જાણવા મળ્યું છે.

વાયરીંગમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આગને કારણે કોઈ વ્યક્તિ દાઝવાનો કે જાનહાનિનો બનાવ બન્યો નથી.

ઘ-૫ થી ચ-૫ જવાના માર્ગ પર આજે થયેલા અકસ્માતને કારણે થોડીક મિનિટો માટે વાહન-વ્યવહાર પણ થંભી જવા પામ્યો હતો. માર્ગ સલામતિ સપ્તાહ ઉજવાઈ રહ્યું છે પણ માર્ગ સુધારણાની કામગીરીને લઈ અપાયેલા જુદા જુદા ડાયવર્ઝનને પગલે અકસ્માતો પણ બની રહ્યા છે. (તસવીર : દિપક જાની)

મોચી સમાજના જીવનસાથી પસંદગી મેળાના ફોર્મ ૨૧મી સુધી સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૩

સમસ્ત મોચી સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટેનો જીવનસાથી પસંદગી મેળો ૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૩ને રવિવારે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના સંદર્ભે જીવનસાથી પસંદગી મેળાના નિયત અરજી ફોર્મ ૨૧મી જાન્યુઆરી-૨૦૧૩ સુધીમાં ભરીને આપવા મંત્રી કનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગુજરાતી દંઢાવ્ય વિભાગ જનક્ષત્રીય મોચી સમાજ સમુહ લગ્ન અને સેવા ટ્રસ્ટના પ્રમુખ માણેકલાલ જનસારીએ જણાવ્યું છે કે ૨૦મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો અનિવાર્ય સંજોગોને કારણે ફેરબદલી કરાયો છે. જે હવે તા. ૧૭મી ફેબ્રુઆરીને રવિવારે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર મુકામે યોજાશે. જીવનસાથી પસંદગી મેળાની નિયત અરજી ફોર્મ તા. ૨૧મી જાન્યુઆરી-૨૦૧૩ સુધીમાં ભરીને કનુભાઈ સોલંકી મંત્રી, પ્લોટ નં. ૯૭૮/૧, સેકટર-૨-સી, ગાંધીનગરને મોકલી આપવા જણાવાયું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧

સૂર્યાસ્ત : ૬.૦૨

તાપમાન

મહત્તમ : ૨૫.૮ ડિ.સે.

લઘુત્તમ : ૯.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ટેબલ નં.૨૧ : ૧૦.૦૦,૧૨.૩૦,૨.૪૫,૫.૦૦,૭.૩૦,૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાજધાની એક્ષપ્રેસ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

સીઝેડ ૧૨ (હિન્દી) : ૧૧.૩૦, ૨.૦૦

સીઝેડ ૧૨ (અંગ્રેજી) ૭.૧૫

દેહરાદૂન ડેરી : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

દબંગ-૨ : ૨.૪૫

ટેબલ નં.૨૧ :૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સીઝેડ-૧૨ (હિન્દી) :૯.૩૦, ૧૨.૦૦, ૫.૦૦, ૧૦.૦૦

દેખા જો પહેલી બાર : ૨.૩૦

લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :

દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

રાજધાની એક્ષપ્રેસ : ૧૦.૩૦,૧.૦૦,૩.૩૦,૬.૦૦,૮.૩૦,૧૦.૪૫

: સ્ક્રીન-૪ :

ટેબલ નં.૨૧ :૯,૧૧.૧૫,૧.૩૦, ૩.૪૫, ૬, ૮.૧૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

માયા હું છું તારા પ્રેમ દિવાનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

સીઝેડ-૧૨ (જાબાઝ ખેલાડી) : ૧૦.૩૦, ૧.૦૦, ૬.૪૫, ૯.૪૫

ટેબલ નં.૨૧ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :

ટેબલ નં.૨૧ : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

રાજધાની એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦

વિરાગ, કલોલ

હું દિવાનો તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શિવકથા સમિતિ દ્વારા સેકટર-૪માં આવેલ ઓમકારેશ્વર મહાદેવજી મંદિર ખાતે બપોરે ૨.૩૦ કલાકે શિવ મહાપુરાણ કથા યોજાશે.

આપની આજ

મેષ : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

વૃષભ : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

સિંહ : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

કન્યા : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

તુલા : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

વૃશ્ચિક : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

ધન : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મકર : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

કુંભ : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

મીન : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

ચિરવિદાય

- સ્વ.ભલાજી શહેરાજી ઠાકોર (ઉ.વ. ૭૦)નર્સરી વન વિભાગ, સેકટર-૧૭, ગાંધીનગર.
- સ્વ.પોપટજી સોમાજી ઠાકોર(ઉ.વ. ૬૫)સેકટર-૧ ના કાચા છાપરાં, ગાંધીનગર.
- સ્વ.અરવિંદકુમાર ચિમનલાલ સોની (ઉ.વ. ૫૫)પ્લોટ નં. ૭૬૨/૧/બી,હરિમિલન વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ.ભુપેન્દ્રકુમાર ગૌરીશંકર પંડ્યા (ઉ.વ. ૭૦)મુ.પો. મુબારકપુર, તા. કલોલ, જિ.ગાંધીનગર.